# આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, સુરત

ડિઝાસ્ટર શાખા, જનસેવા કેન્દ્ર, પહેલો માળ, અઠવાલાઇન્સ, સુરત

ફોન નં.0261-2663200,2663600 ફેક્સ નં.0261-2664800

Email:(1) dismgmt-sur@gujarat.gov.in (2) 66.disastersurat@gmail.com

સત્યમેવ જયતે

નં.ડિઝાસ્ટર/YAMS/તાલીમ/માહિતી/વશી./૨૦૨૬ તા.૨૫/૦૬/૨૦૨૬

પ્રતિ

(૧) રજીસ્ટારશ્રી વિર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિર્વસીટી સુરત

(૨) મદદનીશ નિયામકશ્રી પ્રાદેશીક તાલીમ કેન્દ્ર સુરત.

(૩) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી સુરત.

(૪) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી સુરત.

**વિષય: યુવા આપદા મિત્ર સ્કીમ (YAMS) અંતર્ગત તાલીમનું આયોજન કરવા બાબત.**

**સંદર્ભ:- મદદનીશ નિયામક પ્રાદેશીક તાલીમ કેન્દ્ર સુરતનો પત્ર નં. જા.નં. - તાકેસુ/ઈડીપી /યુવા આપદા મિત્ર સ્કીમ /૩૦૩ થી ૩૦૬/૨૦૨૬ તા.૨૨/૦૬/૨૦૨૬**

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (NDMA), ભારત સરકાર દ્વારા પ્રેરિત અને ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ (GSDMA) દ્વારા નિર્દેશિત " યુવા આપદા મિત્ર સ્કીમ (YAMS) " અંતર્ગત જિલ્લાના સંલગ્ન સ્વયંસેવકો (NSS અને MYB) ને આપદા મિત્ર તરીકે તાલીમબદ્ધ કરવા હેતુસર જરૂરી સંકલન કરવા અંગેની જવાબદારી સ્પીપાને સોંપવામાં આવેલ છે. જે અન્વયે સંદર્ભ દર્શિત પત્રથી ઉકત તાલીમ આગામી સપ્ટેમ્બર-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની થાય છે.

આ કામે અત્રેના જિલ્લામાં NSS-250 તથા MYB - 250 મળી કુલ- ૫૦૦ તાલીમાર્થીઓને તાલીમ આપવાની થાય છે. જેમાં પ્રથમ બચે સમાવિષ્ટ થના કુલ ૧૦૦ તાલીમાર્થીઓ તાલીમ તા.૦૧/૦૭/૨૦૨૬ થી થનાર હોઈ તાલીમાર્થી ઓના રહેવા, જમાવા,તાલીમ હોલ, પરિવહન વ્યવસ્થા આગોતરા આયોજન માટે મીંટીંગનુ આયોજન તારીખ-૨૫/૦૬/૨૦૨૬ ના રોજ સમય ૧૬:૦૦ કલાકે સ્થળ મીંટીગ હોલ, આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, પ્રથમ માળ જનસેવા કેન્દ્ર, અથવાલાઈન્સ સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેમાં આપશ્રીના પ્રતિનિધીને જરૂરે વિગતો સહ હાજર રાખવા જણાવામાં આવે છે.

જિલ્લા નોડલ અધિકારી

અને

નિવાસી અધિક કલેક્ટર,

સુરત

# સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, (સ્પીપા)

પ્રાદેશિક તાલીમ કેન્દ્ર,
મણિરત્ન પાર્ક સોસાયટીની સામે, ગુજરાત ગેસ કંપની રોડ,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
ફોન નંબર : (૦૨૬૧) ૨૭૩૨૦૩૩
**E-Mail : dd-spipa-sur@gujarat.gov.in**


| | |
|---|---|
| જા.નં. - તાકેસુ/ઇડીપી/યુવા આપદા મિત્ર સ્કીમ/૨૦૨૬/ ૩૦૩ to ૩૦૬ | તા.- ૨૨/૦૬/૨૦૨૬ |

પ્રતિ,
નિવાસી અધિક કલેક્ટરશ્રી,
કલેક્ટર કચેરી,
સુરત / નવસારી / વલસાડ / તાપી-વ્યારા

વિષય :- યુવા આપદા મિત્ર સ્કીમ (YAMS) અંતર્ગત તાલીમનું આયોજન કરવા બાબત.
સંદર્ભ :- સ્પીપા, અમદાવાદના તા.- ૧૧/૦૬/૨૦૨૬ના પત્રક્રમાંક :-
**સ્પીપા/તલમ/GSDMA/ઇડીપી/૨૦૨૬/૧૭૫૦**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી (NDMA), ભારત સરકાર દ્વારા પ્રેરિત અને ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ (GSDMA) દ્વારા નિર્દેશિત "યુવા આપદા મિત્ર સ્કીમ (YAMS)" અંતર્ગત જિલ્લાના સંલગ્ન સ્વયંસેવકો (NSS અને MYB) ને આપદા મિત્ર તરીકે તાલીમબદ્ધ કરવા હેતુસર જરૂરી સંકલન કરવા અંગેની જવાબદારી સ્પીપાને સોંપવામાં આવેલ છે. જે અન્વયે સંદર્ભ દર્શિત પત્રથી ઉકત તાલીમ આગામી સપ્ટેમ્બર-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાની થાય છે. જે અન્વયે અત્રેની કચેરીના કાર્યક્ષેત્રમાં આવતા જિલ્લાઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જીલ્લો | કુલ બાકી તાલીમાર્થી (NSS) | કુલ બાકી તાલીમાર્થી (MYB) | કુલ | પ્રથમ બેચ શરૂ કરવાની તારીખ | પ્રથમ બેચમાં સમાવિષ્ટ થનાર તાલીમાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત | ૨૫૦ | ૨૫૦ | ૫૦૦ | ૦૧/૦૭/૨૦૨૬ | ૧૦૦ |
| ૨ | નવસારી | ૧૩૬ | ૧૦૯ | ૨૪૫ | ૦૧/૦૭/૨૦૨૬ | ૮૦ |
| ૩ | વલસાડ | ૧૨૩ | ૧૨૮ | ૨૫૧ | ૦૧/૦૭/૨૦૨૬ | ૮૫ |
| ૪ | તાપી-વ્યારા | ૯૪ | ૫૭ | ૧૫૧ | ૦૧/૦૭/૨૦૨૬ | ૧૫૧ |

સદર યોજના હેઠળની માર્ગદર્શિકા મુજબ આ તાલીમ જે-તે જિલ્લા કક્ષાએ જ યોજવાની થાય છે. આ ૦૭ દિવસની સંપૂર્ણ નિવાસી તાલીમ હોઈ, સ્થાનિક સ્તરે તેનું સુચારુ અને આયોજનબદ્ધ સંચાલન થાય તે અત્યંત આવશ્યક છે.

"આ હેતુસર આપના જિલ્લામાં તાલીમની તમામ વ્યવસ્થાઓના દેખરેખ અને અમલીકરણ માટે એક સ્થાનિક જાણકાર નોડલ ઓફિસરશ્રી અને એક સહનોડલ ઓફિસરશ્રીની નિયુક્તિ કરી, તેઓનું નામ, હોદ્દો, મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ આઈ.ડી.ની વિગતો અત્રેની કચેરીને દિન-૦૩ માં મોકલી આપવા વિનંતી છે.

જિલ્લા કક્ષાએ આપશ્રી દ્વારા નિયુક્ત થનાર સ્થાનિક નોડલ ઓફિસરશ્રી અને સહનોડલ ઓફિસરશ્રીએ તાલીમ સંદર્ભે નીચે મુજબની આનુષંગિક વ્યવસ્થાઓ વિગતવાર સુનિશ્ચિત કરવાની રહેશે.

(૧) તાલીમ હોલ:- તાલીમાર્થીઓની બેઠક વ્યવસ્થા, ઓડિયો-વિઝ્યુઅલ સિસ્ટમ (પ્રોજેક્ટર, માઈક, સાઉન્ડ) સ્ટેજ અને વેન્ટીલેશનની પૂરતી સુવિધા ધરાવતો સુસજ્જ તાલીમ હોલ નક્કી કરવો.

(૨) એકોમોડેશન:- ૦૭ દિવસની નિવાસી તાલીમ હોવાથી તાલીમાર્થીઓ (ભાઈઓ તથા બહેનો માટે અલગ અને સુરક્ષિત) માટે ગાદલા, પાથરણા અને શૌચાલયની પૂરતી સગવડતા ધરાવતી રહેવાની વ્યવસ્થા સ્થાનિક સ્તરે સુનિશ્ચિત કરવી.

(૩) ચા-નાસ્તો અને ભોજન વ્યવસ્થા:- તાલીમ દરમિયાન નિયત મેનૂ અને ગુણવત્તાસભર સવારનો નાસ્તો, બે સમયની ચા તથા શુદ્ધ અને પૌષ્ટિક બપોરનું અને રાત્રિનું ભોજન સમયસર મળી રહે તે માટે સ્પીપા દ્વારા નિયત કરવામાં આવેલ દરોની મર્યાદા (નકલ આ સાથે સામેલ છે) મા કેટરર્સ/સ્થાનિક એજન્સી નક્કી કરવી.

(૪) તાલીમ સાહિત્ય:- ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા જિલ્લા કક્ષાએ પૂરા પાડવામાં આવેલ તાલીમાર્થીઓ માટે જરૂરી કીટ, સ્ટેશનરી, પેન, નોટપેડ, મોડ્યુલ અને અન્ય તાલીમ સામગ્રીનું વિતરણ સુનિશ્ચિત કરવું.

(૫) રિસોર્સ પર્સન:- ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા જિલ્લા કક્ષાએ પૂરા પાડવામાં આવેલ રિસોર્સ પર્સનના લીસ્ટ મુજબના નિષ્ણાતો/તજજ્ઞોને આમંત્રિત કરવા અને તેમનું શિડ્યુલ/ટાઈમટેબલ ગોઠવવું.

(૬) પરિવહન વ્યવસ્થા:- તાલીમ માટે પસંદ થયેલ જિલ્લાના તમામ સલગ્ન સ્વયંસેવકો (NSS અને MYB) પૈકી પ્રત્યેક બેચ માટેની યાદી તૈયાર કરી, પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, સુરતને તેની નકલો પૂરી પાડવા તથા તે મુજબના તાલીમાર્થીઓને નિયત તારીખે અને સમયે તાલીમના નિયત સ્થળે લાવવાની અને તાલીમ પૂર્ણ થયે પરત મોકલવાની તથા તાલીમ દરમિયાન તાલીમાર્થીઓની હાજરી ૧૦૦% સુનિશ્ચિત કરવા અંગેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લાના "NSS અમે MYB" ના જિલ્લા "નોડલ અધિકારીઓ" તથા કો-ઓર્ડિનેટરોને સોંપવાની રહેશે. આ બાબતે આપના સ્તરેથી સંબંધિતોને જરૂરી સૂચના પાઠવવા વિનંતી છે.

(૭) આ તાલીમ સંદર્ભે અત્રેની કચેરીના મદદનીશ નિયામક, સુશ્રી એમ. ડી. સોઢા (મો.નં.- ૯૪૨૯૦૧૮૩૨૯) / નાયબ સેક્શન અધિકારી, શ્રી મેહુલ ચૌધરી (મો.નં.- ૯૬૩૮૬૦૬૯૦૧) સાથે નિયમિત સંકલનમાં રહેવા "આપની કચેરીના નિયુક્ત થનાર "નોડલ ઓફિસરશ્રી" અને "સહનોડલ ઓફિસરશ્રી" ને જરૂરી સૂચના પાઠવવા વિનંતી છે.

(૮) સુરત / નવસારી / વલસાડ / તાપી-વ્યારા જિલ્લા ખાતે તા.- ૦૧/૦૭/૨૦૨૬ થી તાલીમ શરૂ કરવામાં આવનાર હોવાથી, આપના દ્વારા નિયુકત કરવામાં આવેલ નોડલ ઓફિસરશ્રી/સહ નોડલ ઓફિસરશ્રી દ્વારા ઉપરોક્ત તમામ વ્યવસ્થાઓ તા.- ૨૯/૦૬/૨૦૨૬ સુધીમાં સુનિશ્ચિત કરી તેની વિગતવાર માહિતી અત્રેની કચેરીને મોકલી આપવાની સુચના આપની કક્ષાએથી પાઠવવા વિનંતી છે.

(૯) ઉપરોક્ત તમામ વ્યવસ્થાઓ (રહેવા, જમવા, તાલીમ હોલ, રિસોર્સ પર્સન ઓનેરિયમ સહિત) અંગે આપશ્રીની કચેરી દ્વારા નિયુકત કરવામાં આવેલ નોડલ ઓફિસરશ્રી અને અત્રેની કચેરીના કો-ઓર્ડીનેટર દ્વારા "સંયુકત રીતે પ્રમાણિત કરેલ બિલોનું ચુકવણું/રીઇમ્બર્સમેન્ટ નિયમાનુસાર સ્પીપા, અમદાવાદના પરામર્શમાં રહીને પ્રાદેશિક તાલીમ કેન્દ્ર, સુરત દ્વારા કરવામાં આવશે.

મદદનીશ નિયામક
પ્રાદેશિક તાલીમ કેન્દ્ર,
સુરત

**નકલ સવિનય રવાના :-**

માન. નાયબ મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ તરફ જાણ સારૂ....

જા. નં. ~~મા-૨~~/૨૦૨૬/૪૪૨૮
**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,**
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.: ૨૯/૦૬/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી / પ્રોગ્રામ ઓફીસરશ્રી,
એન. એસ. એસ. યુનીટ ધરાવતી શાળાઓ, તમામ,
જિલ્લો - સુરત

આ સાથે સામેલ આપત્તિ, વ્યવસ્થાપન કેન્દ્ર, અઠવાલાઈન્સ, સુરતના પત્ર ક્રમાંક : ડિઝાસ્ટર/YAMS/તાલીમ/માહિતી/૧૩૧./૨૦૨૬ તા. ૨૫/૦૬/૨૦૨૬ અન્વયે જાણ તથા અમલ થવા સારું.

**જિલ્લા શિક્ષણાધિકારી,**
**સુરત જિલ્લો, સુરત.**